RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 226 * Date: 08.6.2026,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-




# ગુજરાતમાં વરસાદ માટે જોવી પડશે રાહ, આગામી ૭ દિવસ ગરમી તોબા પોકારશે, ૧૩ જૂને વાતાવરણ પલટાશે!



હવામાન વિભાગની નવી આગાહી મુજબ આવનાર ૧૩ જૂન સુધી રાજ્યમાં ગરમીનો પારો ઊંચો જ રહેશે અને તાપમાનમાં કોઈ મોટો ઘટાડો જોવા નહીં મળે. દક્ષિણ ગુજરાતના વિસ્તારો માટે આગામી સમય ભારે રહેશે. ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લામાં સમગ્ર સપ્તાહ દરમિયાન વરસાદી વાતાવરણ જળવાઈ રહેશે. તો દક્ષિણ ગુજરાતથી વિપરીત, મધ્ય અને ઉત્તર ગુજરાતના ભાગોમાં આગામી ૪ થી ૫ દિવસ સુધી વરસાદની કોઈ શક્યતા નથી અને હવામાન તદ્દન સૂકું રહેશે. વરસાદની વચ્ચે રાહતના સમાચાર એ છે કે, અગાઉ જે ૪૦ થી ૫૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની આગાહી હતી, તે ચેતવણી હવે હવામાન વિભાગે વાતાવરણમાં પલટો આવતા પાછી ખેંચી લીધી છે.

દેશમાં દક્ષિણ-પશ્ચિમ મોનસૂને (જ્ઞૅર-ઊજં ર્સ્હર્જહ) હવે જોરદાર રફતાર પકડી લીધી છે. હવામાન વિભાગ (ૈંસ્ડ) ના તાજા અહેવાલ મુજબ, ચોમાસું મહારાષ્ટ્રમાં પ્રવેશ કરી ચૂક્યું છે. આ ચોમાસાએ ૪ જૂનના રોજ કેરળના દરિયાકાંઠે દસ્તક દીધી હતી અને તેના માત્ર ૪૮ કલાકની અંદર જ તે દેશના સાત રાજ્યો સુધી પહોંચી ગયું છે. હાલમાં કેરળ, કર્ણાટક, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મણિપુર અને મિઝોરમમાં ચોમાસાના વાદળો છવાઈ ગયા છે. આ સિવાય ગોવા અને આંધ્રપ્રદેશમાં પણ ચોમાસાની વ્યાપક અસર જોવા મળી રહી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી એક અઠવાડિયા દરમિયાન કેરળ, કર્ણાટક, તમિલનાડુ અને પૂર્વોત્તરના રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના છે. આ વિસ્તારોમાં ઘણી જગ્યાએ ૭ થી ૨૦ સેમી સુધીનો વરસાદ ખાબકી શકે છે. નોંધનીય છે કે આ વર્ષે ચોમાસું સામાન્ય સમય કરતાં ત્રણ દિવસ મોડું પહોંચ્યું છે, સામાન્ય રીતે તે ૧ જૂને કેરળ પહોંચતું હોય છે. આગામી ૨ થી ૫ દિવસમાં મોનસૂન મહારાષ્ટ્રના બાકીના ભાગો, તેલંગાણા, છત્તીસગઢ, ઓડિશા અને પૂર્વોત્તરમાં આગળ વધે તેવી પ્રબળ શક્યતા છે.

## કોકરોચ જનતા પાર્ટીને બોલિવૂડનું ખુલ્લુ સમર્થનઃરિચા ચઢ્ઢાએ કહ્યું- 'હું તમારી સાથે છું

પેપર લીક અને પરીક્ષાઓમાં ગેરરીતિ સામે દિલ્હીના જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટી (ઝ્રત્નઁ)નો શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન ૬ જૂનથી શરૂ થઈ ગયો છે. ઝ્રત્નઁના સ્થાપક અભિજીત દીપકેની અપીલ પર મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આ આંદોલનમાં જોડાયા છે.આ પ્રદર્શનને બોલિવૂડ તરફથી પણ સમર્થન મળ્યું છે. એક્ટર અતુલ કુલકર્ણીએ યુવાનો પાસેથી પોતાની પેઢીની ભૂલો માટે માફી માંગી છે, જ્યારે રિચા ચઢ્ઢા, કુનિકા સદાનંદ, પ્રકાશ રાજ અને સોનમ વાંગચુકે પણ વિદ્યાર્થીઓની આ ઝુંબેશને સમર્થન આપ્યું છે.બોલિવૂડ એક્ટ્રેસ રિચા ચઢ્ઢાએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પરથી પોસ્ટ કરીને કોકરોચ જનતા પાર્ટીને ખુલ્લેઆમ સમર્થન આપ્યું છે. એક્ટ્રેસે ઠ (અગાઉ ટ્વિટર) પર લખ્યું, 'હું અત્યારે સુંદર ઓકલેન્ડમાં છું, જ્યાં કદાચ દુનિયાની સૌથી સ્વચ્છ હવા છે.''પણ મારું મન દિલ્હીમાં છે. મારી વહાલી દિલ્હી- મારા બાળપણ, મારી શાળા અને કોલેજનું શહેર... જ્યાં મોટા-મોટા બગીચાઓ અને જૂના, સારા વૃક્ષો છે. હું મારા દેશના યુવાનોને પ્રેમ મોકલું છું. આશા છે, તમે દેખાડાના દેશભક્ત બનવાને બદલે સાચા દેશભક્ત બનશો. તમે દયાળુ, શાંત અને સમજદાર બનો. હું દિલથી તમારી સાથે છું.'અતુલ કુલકર્ણીએ યુવાનોની માફી માંગી 'રઈસ' ફિલ્મ ફેમ અતુલ કુલકર્ણીએ પણ સોશિયલ મીડિયા દ્વારા યુવાનોના આ પ્રદર્શનને સમર્થન આપ્યું હતું. તેમણે યુવાનોની માફી માંગતા લખ્યું કે, 'અમારી પેઢી અને તેના પહેલાના લોકોએ પોતાની જવાબદારીઓ યોગ્ય રીતે નિભાવી નથી.''તેમણે ભૂલો કરી અને યુવાનો માટે પડકારોનો ઢગલો છોડી દીધો, જેનો સામનો હવે આજની પેઢીને કરવો પડી રહ્યો છે.' અતુલ કુલકર્ણીએ યુવાનોને કહ્યું કે, 'તેઓ પૂરી આશાઓ સાથે ઊભા છે અને સત્યનિષ્ઠા સાથે આ દેશનું પુનર્નિર્માણ કરે.

## બંદર'નો વિષય મજબૂત પણ વાર્તા એકતરફીઃબોબી દેઓલે ફરી દમદાર એક્ટિંગથી દિલ જીતી લીધું

અનુરાગ કશ્યપની ફિલ્મો પાસેથી હંમેશા એવી અપેક્ષા રહે છે કે તે સરળ પ્રશ્નો નહી પૂછે. ફિલ્મ 'બંદર' પણ એવા વિષયને ઉઠાવે છે, જેના પર લાંબા સમય સુધી ચર્ચા ચાલી શકે છે. એક ઢળતા એક્ટર અને સિંગર પર લાગેલા ગંભીર આરોપ, સોશિયલ મીડિયાની અદાલત અને જેલની અંદરની દુનિયા. સાંભળવામાં આ બધું ખૂબ જ રસપ્રદ લાગે છે. પરંતુ મુશ્કેલી ત્યારે શરૂ થાય છે, જ્યારે ફિલ્મ એક જટિલ વિષયને સમજવાને બદલે ફક્ત એક પક્ષની પીડા બતાવવામાં ગૂંચવાઈ જાય છે. પરિણામ એ આવે છે કે ફિલ્મ વિચારવા પર મજબૂર ઓછું અને થકાવવાનું કામ વધુ કરે છે.



વાર્તા સમર મેહરાની છે. ક્યારેક તે મોટો સ્ટાર હતો, પરંતુ હવે તેની ચમક ઝાંખી પડી ગઈ છે. એક લગ્નમાં લોકો તેની સાથે તસવીર લેવાને બદલે પોતાની તસવીરો લેવામાં વધુ રસ દાખવે છે. આ જ દ્રશ્ય તેના ઘટતા સ્ટારડમનો સૌથી સચોટ પરિચય બને છે.આ દરમિયાન તેના પર એક મહિલા ગંભીર આરોપ લગાવે છે અને તેનું જીવન સંપૂર્ણપણે બદલાઈ જાય છે. પોલીસ કસ્ટડી, અદાલત, મીડિયા ટ્રાયલ અને જેલની અંદર થતી અમાનવીય ઘટનાઓ વચ્ચે સમર પોતાને નિર્દોષ સાબિત કરવાનો પ્રયાસ કરે છે.સમસ્યા એ છે કે ફિલ્મનો વિષય જેટલો જટિલ છે, તેનું પ્રસ્તુતિકરણ તેટલું જ સીધું અને અનુકૂળ લાગે છે. વાર્તા વારંવાર તમને કહે છે કે, સમર સાથે કેટલું ખોટું થઈ રહ્યું છે, પરંતુ બીજા પક્ષને સમજવાનો પ્રયાસ લગભગ કરતી નથી. આ જ કારણે ફિલ્મ ધીમે ધીમે સંતુલન ગુમાવી દે છે.જો આ ફિલ્મ જોવાનું કોઈ સૌથી મોટું કારણ છે, તો તે બોબી દેઓલ છે. તાજેતરના વર્ષોમાં ખલનાયકની છબી પછી અહીં તે સંપૂર્ણપણે અલગ રૂપમાં જોવા મળે છે. તૂટેલો આત્મવિશ્વાસ, અપમાનનું દર્દ અને અંદરની બેચેની તેણે ખૂબ જ અસરકારક રીતે દર્શાવી છે.

ઘણા દ્રશ્યોમાં બોબી વધુ સંવાદ બોલ્યા વિના પણ અસર છોડી જાય છે. આ તેની તાજેતરની શ્રેષ્ઠ પ્રસ્તુતિઓમાંની એક કહી શકાય છે.ઈન્દ્રજીત સુકુમારન મર્યાદિત સમયમાં પણ પ્રભાવ છોડે છે. જેલની અંદર તેનું પાત્ર ફિલ્મમાં થોડી ઊર્જા લાવે છે. સપના પબ્બી અને અન્ય કલાકારો પોતાનો ભાગનું કામ બરાબર કરે છે, પરંતુ પટકથા તેમને વધુ ઊંડાણ આપતી નથી.અનુરાગ કશ્યપનું ડિરેક્શન ઘણી જગ્યાએ પ્રભાવશાળી છે. જેલના દ્રશ્યો બેચેન કરે છે અને વ્યવસ્થાની ક્રૂરતાનો અનુભવ પણ કરાવે છે. કેમેરાનું કામ વાસ્તવિક લાગે છે અને ઘણા દ્રશ્યો ડોક્યુમેન્ટરી જેવી સચ્ચાઈનો અહેસાસ કરાવે છે.પરંતુ અહીં જ ફિલ્મની સૌથી મોટી નબળાઈ પણ સામે આવે છે. ડિરેક્ટર પ્રશ્નો તો મોટા ઉઠાવે છે, પરંતુ તેના જવાબો ખૂબ જ સરળ અને એકતરફી રાખે છે. પટકથામાં સંતુલનનો અભાવ સ્પષ્ટ દેખાય છે.બીજો ભાગ જરૂરિયાત કરતાં વધુ લાંબો અનુભવાય છે. ઘણા દ્રશ્યો એક જ વાતને વારંવાર દોહરાવે છે. સંપાદન અને કડકાઈ પર થોડું વધુ કામ કરવામાં આવ્યું હોત તો ફિલ્મ વધુ અસરકારક બની શકી હોત.કેટલીક જગ્યાએ ફિલ્મ દર્શકોને પોતે નિર્ણય લેવાની તક આપવાને બદલે પોતાનું નિષ્કર્ષ થોપતી જોવા મળે છે. આ જ કારણ છે કે ભાવનાત્મક જોડાણ બનવાને બદલે અંતર પેદા થવા લાગે છે.ફિલ્મનું સંગીત સરેરાશ છે.

## 'તે મને વારંવાર કિસ કરતો રહ્યો':'મુન્નાભાઈ MBBS' ફેમ એક્ટ્રેસ પ્રિયા બાપટે ડરામણો કિસ્સો શેર કર્યો

'મુન્નાભાઈ સ્મ્મ્જી' ફેમ એક્ટ્રેસ પ્રિયા બાપટે તાજેતરમાં જણાવ્યું કે, તેની શરૂઆતની ફિલ્મોમાંથી એકના શૂટિંગ દરમિયાન તેને એક કિસિંગ સીન કરવાનો હતો, જેને લઈને તે શરૂઆતથી જ અસહજ થઈ ગઈ હતી.

'ફિલ્મફેર'ને આપેલા ઇન્ટરવ્યુમાં પ્રિયાએ કહ્યું, 'ફિલ્મમાં ફક્ત એક કિસિંગ સીન હતો. સ્ક્રિપ્ટ રીડિંગના સમયથી જ મને તેને લઈને શંકા હતી. હું સતત ડિરેક્ટરને પૂછતી હતી કે તેની જરૂર શું છે. મારો પ્રશ્ન કિસ કરવા કે ન કરવા વિશે નહોતો, પરંતુ તે હતો કે વાર્તામાં તેને કેવી રીતે યોગ્ય ઠેરવવામાં આવી રહ્યું છે.'

તેણે આગળ કહ્યું, 'ડિરેક્ટર આ સીનને લઈને ખૂબ જ ભાર આપી રહ્યા હતા. છેવટે મેં વિચાર્યું કે મારી ખચકાટ તોડવી જોઈએ અને સીન કરી લીધો. મેં આખી ફિલ્મમાં ફક્ત એક કિસ માટે સંમતિ આપી હતી.'

પ્રિયાએ કહ્યું, 'ત્યારબાદ ગીતના શૂટિંગ દરમિયાન એક્ટર વારંવાર ઈમ્પ્રુવાઈઝ કરવા લાગ્યો અને મને કિસ કરતો રહ્યો. તે સમયે હું મારા માટે અવાજ ઉઠાવી શકી નહીં, કારણ કે મને સમજાતું નહોતું કે આ પરિસ્થિતિનો કેવી રીતે સામનો કરવો.'

પ્રિયા બાપટે 'કાકસ્પર્શ', 'સિટી ઓફ ડ્રીમ્સ' અને 'રાત જવાન હૈ' જેવા પ્રોજેક્ટ્સમાં કામ કર્યું છે.

પ્રિયા બાપટે 'કાકસ્પર્શ', 'સિટી ઓફ ડ્રીમ્સ' અને 'રાત જવાન હૈ' જેવા પ્રોજેક્ટ્સમાં કામ કર્યું છે.તેણે જણાવ્યું, 'અમે એક જ હોટલમાં રોકાયા હતાં, જોકે રૂમ અલગ હતા, પરંતુ તે સતત મેસેજ કરતો હતો. ક્યારેક સ્વિમિંગ શીખવવાની વાત કરતો, ક્યારેક ડિનર અને બ્રેકફાસ્ટ માટે બોલાવતો. હું વારંવાર ના પાડતી રહી. મારી સાથે પહેલા ક્યારેય આવું બન્યું ન હતું.'પ્રિયાએ જણાવ્યું કે, તે દરરોજ રાત્રે તેના પતિ ઉમેશ બાપટ સાથે વાત કરીને આખી સ્થિતિ શેર કરતી હતી. બાદમાં તેનો પતિ શૂટિંગ લોકેશન પર પહોંચ્યો અને કેટલાક દિવસો સુધી તેની સાથે રહ્યો. એક્ટ્રેસે કહ્યું કે, તેના કરિયરમાં આ એકમાત્ર આવો અનુભવ હતો.પ્રિયા બાપટ મરાઠી સિનેમા અને ્નની જાણીતી એક્ટ્રેસ છે.

## તંત્રી સ્થાનેથી..

# ખાદ્ય તેલનું વેચાણ માનક પેકેજિંગમાં કરવાની વ્યવસ્થા ફરીથી અમલમાં મુકાઈ

મુંબઈ : ઉદ્યોગની લાંબા સમયની માગણીને ધ્યાનમાં રાખી ગ્રાહક બાબતોના મંત્રાલયે છેવટે એક એડવાઈઝરી જાહેર કરીને ખાદ્ય તેલનું વેચાણ માનક પેકેજિંગમાં કરવાની વ્યવસ્થા ફરીથી અમલમાં મૂકી છે. આના કારણે ગ્રાહકો માટે ભાવ પારદશતા વધશે અને વિવિધ બ્રાન્ડોના ભાવોની સરખામણી કરવી સરળ બનશે. ઉત્પાદકો, પેકર્સ અને આયાતકારોને નવા નિયમોનું પાલન કરવા માટે ત્રણ મહિનાનો સમય આપવામાં આવ્યો છે.ગ્રાહક બાબતોના વિભાગે કાનૂની માપવિજ્ઞાન (લીગલ મેટ્રોલોજી) માળખા હેઠળ ખાદ્ય તેલો અને ચરબી (ફેટ્સ)ની શુદ્ધ માત્રા તથા માનક પેક કદ નક્કી કરવા અંગેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) માં સુધારો કર્યો છે.સુધારેલા નિયમો હેઠળ પામ તેલ, પામોલીન, સોયાબીન તેલ, સૂર્યમુખી તેલ, સરસવ/રેપસીડ તેલ, મગફળી તેલ, તલ તેલ, રાઈસ બ્રાન તેલ, કપાસિયા બીજનું તેલ, મકાઈનું તેલ તેમજ તેમના મિશ્રણો માટે માનક પેક કદ નક્કી કરવામાં આવ્યા છે. મંજૂર કરાયેલા પેક કદ આ પ્રમાણે છેઃ ૨૦૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ, ૧ કિલો, ૨ કિલો, ૩ કિલો, ૪ કિલો, ૫ કિલો, ૧૫ કિલોગ્રામ ૨૦ કિલોગ્રામનો સમાવેશ થાય છે. પ્રવાહી માત્રા મુજબ તેના સમકક્ષ પેક કદ ૨૦૦ મિલીલીટર, ૫૦૦ મિલીલીટર, ૧ લીટર, ૨ લીટર, ૩ લીટર, ૪ લીટર, ૫ લીટર, ૧૫ લીટર તથા ૨૦ લીટરમાં હોવા જોઈશે. જો કે ૨૦૦ ગ્રામ અથવા ૨૦૦ મિલીલીટરથી ઓછી માત્રાવાળા પેકેટો પર કોઈ પ્રતિબંધ રહેશે નહી.આ નિર્ણયના પરિણામે ૬૫૦ ગ્રામ, ૭૦૦ ગ્રામ, ૮૧૦ ગ્રામ, ૮૫૦ ગ્રામ અને ૮૭૦ ગ્રામ જેવા બિન-માનક પેક આગામી ત્રણ મહિનામાં બજારમાંથી દૂર થઈ જશે.૨૦ મેના રોજ ગ્રાહક બાબતોની સચિવ નિધિ ખરેની અધ્યક્ષતામાં યોજાયેલી હિતધારકોની બેઠક બાદ આ એડવાઈઝરી બહાર પાડવામાં આવી છે.એડવાઈઝરી અનુસાર, જે લઘુ (માઈનર) ખાદ્ય તેલોને મુખ્ય તેલોની યાદીમાં સામેલ કરવામાં આવ્યા નથી, તેઓ માટે માનક પેક કદની ફરજિયાતતા લાગુ પડશે નહી. જોકે તેમને લીગલ મેટ્રોલોજી (પેકેજ્ડ કોમોડિટીઝ) નિયમો, ૨૦૧૧ હેઠળ યુનિટ સેલ પ્રાઈસ જાહેર કરવા સંબંધિત જોગવાઈઓનું પાલન કરવું પડશે.આ નિર્ણયથી રિટેલ બજારમાં વ્યવસ્થા અને પારદશતા પુનઃસ્થાપિત થશે તેમજ તમામ ઉત્પાદકો માટે સમાન સ્પર્ધાનું વાતાવરણ તૈયાર કરશે.

# સંગીતકાર એ.આર. રહેમાન અટારી બોર્ડર પર બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) ને સંગીતમય શ્રદ્ધાંજલિ આપવા માટે પરફોર્મ કરશે



વર્ષો પહેલા, એ.આર. રહેમાને ×જય હો× નામનું હિટ ગીત બનાવ્યું હતું. તેમણે આ ગીત અનેક મોટા કાર્યક્રમોમાં રજૂ કર્યું છે. ટૂંક સમયમાં, તેઓ બીએસએફને સંગીતમય શ્રદ્ધાંજલિ તરીકે અટારી બોર્ડર પર ×જય હો× રજૂ કરશે. આ માહિતી શનિવારે ફિલ્મ ×મૈં વાપસ આઉંગા× ના નિર્માતાઓ દ્વારા શેર કરવામાં આવી હતી.

એક અનોખા પ્રથમ વખતના કાર્યક્રમમાં, બે વખત એકેડેમી એવોર્ડ અને ગ્રેમી વિજેતા પદ્મ ભૂષણ પુરસ્કાર વિજેતા એ.આર. રહેમાન ૭ જૂનના રોજ ઐતિહાસિક અટારી બોર્ડર પર પ્રદર્શન કરશે, જેમાં તેમની માતૃભૂમિની રક્ષા માટે પોતાના જીવનનું સમર્પિત કરનારા સરહદ સુરક્ષા દળના બહાદુર સૈનિકો અને જવાનોનું સન્માન કરવામાં આવશે.

આ ખાસ કાર્યક્રમ ક્યારે યોજાશે?

મૈં વાપસ આઉંગા જૂથ દ્વારા આ પ્રદર્શનનું નામ ×જય હો - બ્રેવહાર્ટ્સ માટે શ્રદ્ધાંજલિ× રાખવામાં આવ્યું છે અને નિર્માતાઓના મતે તે ભારતની સરહદોનું રક્ષણ કરતી વખતે આ સૈનિકોની બહાદુરી, બલિદાન અને સમર્પણ પ્રત્યે પ્રશંસા અને ઉચ્ચ આદરની ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

આ શ્રદ્ધાંજલિ ઐતિહાસિક દિવસે સાંજે ૪ઃ૩૦ થી ૫ઃ૩૦ વાગ્યા દરમિયાન રાખવામાં આવશે જ્યારે પરેડ સમારોહ ત્ઞઁ સ્ટેડિયમ અટારી બોર્ડર પર યોજાશે.

આ કાર્યક્રમમાં હાજરી આપતી સેલિબ્રિટીઓ

આ કાર્યક્રમમાં એ.આર. રહેમાન સાથે દિગ્દર્શક ઈમ્તિયાઝ અલી, અભિનેતા વેદાંગ રૈના અને ગાયકો મોહિત ચૌહાણ, પૂજા તિવારી અને નરગીસ જોડાશે.

મૈં વાપસ આઉંગા વિશે

ઈમ્તિયાઝ અલી દ્વારા દિગ્દર્શિત, મૈં વાપસ આઉંગામાં એ.આર. રહેમાન દ્વારા સંગીત અને ઈર્શાદ કામિલ દ્વારા લખાયેલા ગીતો છે. આ ફિલ્મમાં શર્વરી વાઘ અને વેદાંગ નારંગ યુવાન પ્રેમીપંખીડા તરીકે છે. અને જૂના સંસ્કરણમાં નસીરુદ્દીન શાહ દ્વારા ભજવવામાં આવ્યું છે.

ટ્રેલર, ગીતો અને ટીઝર દ્વારા, ફિલ્મ પહેલાથી જ જબરદસ્ત ચર્ચા જગાવી ચૂકી છે. દિલજીત દોસાંઝ હિન્દી ભાષી પ્રેક્ષકોમાં પણ નોંધપાત્ર ચાહક વર્ગ ધરાવે છે; પરિણામે, ચાહકો આ ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ રોમેન્ટિક ડ્રામા ૧૨ જૂન, ૨૦૨૬ ના રોજ થિયેટરમાં રિલીઝ થવાની છે.

દિગ્દર્શક ઈમ્તિયાઝ અલીની વાત કરીએ તો, તેમના દ્વારા દિગ્દર્શિત અને ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થયેલી બાયોપિક અમર સિંહ ચમકીલાને વ્યાપકપણે પ્રશંસા અને ઉત્સાહ મળ્યો હતો. આ સંગીતમય-નાટક નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ રહ્યું છે.

# મહારાષ્ટ્ર પોલીસે ગેરકાયદેસર ઈમિગ્રેશન નેટવર્કનો પર્દાફાશ કર્યો, મુંબઈમાં રહેતા ૭ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ

મુંબઈ,

મહારાષ્ટ્રમાં ગેરકાયદેસર ઈમિગ્રેશન સામે એક મહત્વપૂર્ણ કાર્યવાહીમાં, મુંબઈની સૈંઢ્ઢઝ પોલીસે સાત બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી છે જેઓ લગભગ ૧૫ વર્ષથી માન્ય દસ્તાવેજો વિના ભારતમાં રહેતા હતા. MIDC પોલીસ સ્ટેશન સાથે જોડાયેલા આતંકવાદ વિરોધી સેલ (ATC) યુનિટ દ્વારા આ વિસ્તારમાં શંકાસ્પદોની હિલચાલ અંગે ચોક્કસ ગુપ્ત માહિતી મળ્યા બાદ હાથ ધરવામાં આવેલા લક્ષિત ઓપરેશન બાદ આ ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આરોપીઓ કથિત રીતે બાંગ્લાદેશથી ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ્યા હતા અને ત્યારબાદ મુંબઈમાં સ્થાયી થયા હતા, જ્યાં તેઓ રોજગારની શોધમાં અને દૈનિક પ્રવૃત્તિઓ કરતી વખતે એક દાયકાથી વધુ સમય સુધી અજાણ્યા રહ્યા હતા.

ગુપ્ત માહિતીના આધારે સંકલિત પોલીસ કાર્યવાહી તરફ દોરી જાય છે

MIDC પોલીસના છ્ઝ યુનિટને માહિતી મળ્યા બાદ આ સફળતા મળી કે શંકાસ્પદ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સનું એક જૂથ કામની તકોની શોધમાં પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્રમાં આવી રહ્યું છે.

ગુપ્ત માહિતીના આધારે કાર્યવાહી કરતા, પોલીસ ટીમોએ છટકું ગોઠવ્યું અને દેખરેખ આધારિત કામગીરી હાથ ધરી, જેના પરિણામે તમામ સાત વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી અને ત્યારબાદ ધરપકડ કરવામાં આવી. ધરપકડ કરાયેલા લોકોમાં ચાર પુરુષો, બે મહિલાઓ અને એક સગીરનો સમાવેશ થાય છે. અધિકારીઓ હાલમાં ભારતમાં તેમના રોકાણ દરમિયાન તેમની ઓળખ, પૃષ્ઠભૂમિ અને પ્રવૃત્તિઓની ચકાસણી કરી રહ્યા છે.

પ્રારંભિક પૂછપરછ દરમિયાન, તપાસકર્તાઓને જાણવા મળ્યું કે ધરપકડ કરાયેલા વ્યક્તિઓ ફોન દ્વારા બાંગ્લાદેશમાં રહેતા તેમના સંબંધીઓ સાથે નિયમિત સંપર્કમાં હતા.

ગેરકાયદેસર વિદેશી નાગરિકો પર કેન્દ્રનું વલણ પુનરાવર્તિત આ કાર્યવાહી ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતા વિદેશી નાગરિકોને ઓળખવા અને તેમને દેશનિકાલ કરવા પર કેન્દ્રના સતત ધ્યાન વચ્ચે કરવામાં આવી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારતે દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા તમામ વિદેશી નાગરિકો, જેમાં બાંગ્લાદેશના લોકોનો પણ સમાવેશ થાય છે, તેમની સાથે વ્યવહાર કરવા માટે કાનૂની પદ્ધતિઓ સ્થાપિત કરી છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે નિયમિત મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, ×ભારતમાં રહેતા તમામ વિદેશી નાગરિકો, જો તેઓ ગેરકાયદેસર રીતે અહીં છે, જેમાં બાંગ્લાદેશનો પણ સમાવેશ થાય છે, તો અમારી પાસે તેમની સાથે વ્યવહાર કરવા માટે કાયદા છે અને તેમની સાથે તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે.× સરકારે કહ્યું છે કે દેશનિકાલની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકોને રાષ્ટ્રીયતા ચકાસણી માટે બાંગ્લાદેશી અધિકારીઓ પાસે મોકલવામાં આવે છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતે દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા ૨,૮૬૦ થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકોની ચકાસણી માંગી છે. ×અમારી પાસે... આમાંથી ઘણી વિનંતીઓ છે, જે હજુ પણ બાંગ્લાદેશી પક્ષ પાસે પેન્ડિંગ છે, અને અમે આશા રાખીએ છીએ અને અપેક્ષા રાખીએ છીએ કે તેનો નિકાલ શક્ય તેટલી વહેલી તકે કરવામાં આવશે જેથી ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતા લોકોને દેશનિકાલ કરવાની પ્રક્રિયા સરળ અને કાર્યક્ષમ રીતે આગળ ધપાવી શકાય,× તેમાં ઉમેર્યું.

# વિવાદિત 'કેથોલિક વિચારધારા' મેમો સાથે જોડાયેલા ઘણા વિશ્લેષકોને FBI એ કાઢી મૂક્યા




વોશિંગ્ટન,

કેથોલિક ×હિંસક ઉગ્રવાદીઓ× તરફથી સંભવિત ખતરાની ચેતવણી આપતો ૨૦૨૩નો મેમો બનાવવા સાથે જોડાયેલા ઘણા FBI વિશ્લેષકોને બરતરફ કરવામાં આવ્યા હતા, તેમના વકીલના જણાવ્યા અનુસાર, તેના ડિરેક્ટર કાશ પટેલના નેતૃત્વ હેઠળ નોકરીમાંથી કાઢી મૂકવાની તાજેતરની લહેર.

બરતરફ કરાયેલા કર્મચારીઓમાં ચાર ગુપ્તચર વિશ્લેષકો અને એક સુપરવાઈઝરી વિશ્લેષકનો સમાવેશ થાય છે. FBI એ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો.

×આ કાર્યવાહી સ્પષ્ટપણે અન્યાયી છે, તથ્યો દ્વારા સંપૂર્ણપણે અસમર્થિત છે, અને પ્રમાણભૂત FBI નીતિ અને પ્રક્રિયાને તોડી પાડે છે,× તેમના વકીલ, ડેવિડ લોફમેને એક નિવેદનમાં જણાવ્યું હતું. ×આપણા દેશનું રક્ષણ કરવા માટે તેમણે જે અસાધારણ અને વફાદાર જાહેર સેવા આપી હતી તેના માટે આ વ્યક્તિઓ વધુ સારા લાયક હતા.×

જાન્યુઆરી ૨૦૨૩ માં FBI ના રિચમંડ, વર્જિનિયા, ફિલ્ડ ઓફિસમાં વિશ્લેષકો દ્વારા ઉત્પાદિત ગુપ્તચર ઉત્પાદન જારી થયા પછી રાજકીય ચર્ચાનો વિષય બન્યો, કોંગ્રેસમાં રિપબ્લિકનોએ વારંવાર તેને તેમના વ્યાપક દલીલના ભાગ રૂપે ટાંક્યું કે બિડેન વહીવટ દરમિયાન FBI રૂઢિચુસ્તોને નિશાન બનાવી રહી હતી.

તત્કાલીન ડિરેક્ટર ક્રિસ રેએ વારંવાર તે આરોપનો ઈનકાર કર્યો હતો અને હ્વૈં એ કહ્યું છે કે દસ્તાવેજ ઝડપથી પાછો ખેંચી લેવામાં આવ્યો હતો અને આંતરિક સમીક્ષા શરૂ કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ જો બિડેનના શાસનકાળ દરમિયાન એટર્ની જનરલ મેરિક ગારલેન્ડે કહ્યું છે કે તેઓ આ મેમોથી ×આઘાત× પામ્યા છે.

મેમોમાં ન્યાય વિભાગની અગાઉની તપાસમાં વિશ્લેષણાત્મક વેપારને પડકારવામાં આવ્યો હતો પરંતુ તેમાં સામેલ વિશ્લેષકો દ્વારા ઈરાદાપૂર્વક ગેરવર્તણૂક મળી ન હતી.

ટ્રમ્પના વફાદાર પટેલ હેઠળ આ બરતરફી વ્યાપક કર્મચારીઓના શુદ્ધિકરણનો એક ભાગ છે, જેમણે ગયા વર્ષે ટ્રમ્પના વફાદાર હતા, જેમણે અમારા ડઝનેક કર્મચારીઓને દબાણ કર્યું છે જેમણે કાં તો રાષ્ટ્રપતિની તપાસમાં ફાળો આપ્યો હતો અથવા જેમને વહીવટના કાર્યસૂચિ સાથે સુસંગત ન હોવાનું માનવામાં આવતું હતું. ગયા વર્ષે ટ્રમ્પે પદ સંભાળ્યું ત્યારથી ન્યાય વિભાગ પણ આવી જ રીતે કાર્યવાહીમાં રોકાયેલ છે.

ઉદાહરણ તરીકે, ફેબ્રુઆરીમાં, FBI એ કાઉન્ટર ઈન્ટેલિજન્સ એજન્ટોના એક જૂથને બરતરફ કર્યો હતો જેમણે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ફ્લોરિડાના પામ બીચમાં તેમના માર-એ-લાગો એસ્ટેટમાં વર્ગીકૃત દસ્તાવેજો રાખવા અંગે તપાસમાં ભાગ લીધો હતો.

ઘરેલુ આતંકવાદ તપાસમાંથી બહાર આવેલ રિચમંડ મેમોમાં ×કટ્ટરપંથી પરંપરાવાદી કેથોલિક× વિચારધારા અને વંશીય અને વંશીય રીતે પ્રેરિત ઉગ્રવાદીઓ વચ્ચે સંભવિત જોડાણની તપાસ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમાં હિંસાની સંભાવના વિશે ચેતવણી આપવામાં આવી હતી અને લેખકોએ ×ટ્રિપવાયર અને સ્રોત વિકાસ માટે નવા માર્ગો× તરીકે વર્ણવેલ બાબતો પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો. દસ્તાવેજ જાહેર થયા પછી હ્વૈં નેતૃત્વએ ઝડપથી આ તારણોની નિંદા કરી હતી.

૨૦૨૩માં કોંગ્રેસને લખેલા પત્રમાં વર્ણવેલ અને ૨૬ લોકોના ઈન્ટરવ્યુના આધારે FBI ની આંતરિક સમીક્ષામાં ×જાણ્યું કે ઉત્પાદનની રચના, સમીક્ષા અને મંજૂરીમાં સામેલ તમામ વ્યક્તિઓ વિશ્લેષણાત્મક ટ્રેડક્રાફ્ટ ધોરણોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા અને તે ઓળખવામાં નિષ્ફળ ગયા હતા કે ઉત્પાદન, જેમ કે મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો, તે પૂરતા પુરાવા અથવા સ્પષ્ટ સમર્થન વિના, જાતિગત અથવા વંશીય રીતે પ્રેરિત હિંસક ઉગ્રવાદી (ઈસ્ફઈ) વિચારધારા સાથે વિષયોના ધર્મના સ્વ-વર્ણનિત સ્વરૂપમાં રસને સમાન બનાવે છે.×

યોગ્ય સ્થાનિક આતંકવાદ પરિભાષા સહિત ધોરણોનું પાલન કરવામાં નિષ્ફળતાએ ×એવો દેખાવ બનાવ્યો કે FBI ધાર્મિક જોડાણના આધારે તપાસ પ્રવૃત્તિ કરે છે,× પત્રમાં કહેવામાં આવ્યું છે. ×FBI ના સૌથી મૂળભૂત સિદ્ધાંતોમાંનો એક એ છે કે તપાસ પ્રવૃત્તિ ફક્ત પ્રથમ સુધારા દ્વારા બાંયધરીકૃત અધિકારોના ઉપયોગ પર આધારિત ન હોઈ શકે.×

૨૦૨૪ માં ન્યાય વિભાગના ઈન્સ્પેક્ટર જનરલ રિપોર્ટમાં અગાઉની હ્વૈં સમીક્ષાનો સારાંશ આપતા કહેવામાં આવ્યું હતું કે યોગ્ય વિશ્લેષણાત્મક વેપારમાંથી વિચલનો હોવા છતાં, ×દૂષિત ઈરાદા અથવા અયોગ્ય હેતુના કોઈ પુરાવા મળ્યા નથી×.

# ઈરાને ડ્રોન લોન્ચ કર્યા બાદ અમેરિકાએ ઈરાની સ્થળો પર હુમલો કર્યો, તાજેતરની ગલ્ફ ખાતે ભડકાઉ ઘટનામાં




તેહરાન,

શનિવારે ઈરાન દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ તરફ છોડવામાં આવેલા ડ્રોનને તોડી પાડ્યા બાદ, યુએસ સૈન્યએ જણાવ્યું હતું કે, બંને દેશો વચ્ચેના યુદ્ધને સમાપ્ત કરવાના પ્રયાસોને જટિલ બનાવતા તાજેતરના વધારામાં, યુએસ સૈન્યએ ઈરાની દરિયાકાંઠાના રડાર સ્થળો પર હુમલો કર્યો હતો.

યુએસ સૈન્ય માને છે કે ચાર ઈરાની ડ્રોન પ્રાદેશિક દરિયાઈ ટ્રાફિકને લક્ષ્ય બનાવી રહ્યા હતા, એક યુએસ અધિકારીએ રોઈટર્સને જણાવ્યું હતું. યુએસ સેન્ટ્રલ કમાન્ડે ઠ પર જણાવ્યું હતું કે યુએસએ પછી ગોરુક અને કેશ્મ ટાપુમાં ઈરાનના સર્વેલન્સ સ્થળો પર હુમલો કર્યો હતો, જે બંને હોર્મુઝ સ્ટ્રેટ પર છે.

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે જણાવ્યું હતું કે તેણે યુએસ હુમલાના બદલામાં કુવૈત અને બહેરીનમાં યુએસ થાણાઓને નિશાન બનાવ્યા હતા અને તેની પરવાનગી વિના સ્ટ્રેટ પાર કરવાનો પ્રયાસ કરતા ચાર ટેક્રો પર ગોળીબાર કર્યો હતો.

કુવૈતના રાજ્ય મીડિયાએ જણાવ્યું હતું કે હવાઈ સંરક્ષણ મિસાઈલ અને ડ્રોન હુમલાઓને અટકાવી રહ્યા હતા, જ્યારે બહેરીનમાં સાયરન વાગતા હતા અને રહેવાસીઓને આશ્રય મેળવવા માટે વિનંતી કરવામાં આવી હતી.

કુવૈત અને બહેરીને હુમલાઓની નિંદા કરી હતી. કુવૈતના વિદેશ મંત્રાલયે શનિવારે વહેલી સવારે થયેલા તાજેતરના હુમલા સહિત ઈરાની હુમલાઓને ×આક્રમકતાનું સ્પષ્ટ કૃત્ય× ગણાવ્યું હતું, જેમાં આવી કાર્યવાહી રોકવા માટેના આંતરરાષ્ટ્રીય આહવાનને અવગણવામાં આવ્યું હતું અને નાગરિકો, રહેવાસીઓ અને પ્રાદેશિક સુરક્ષા માટે સીધો ખતરો ઉભો થયો હતો, એમ મંત્રાલયના એક નિવેદનમાં જણાવાયું છે.

ઈરાને પાછળથી કહ્યું હતું કે તેણે બંને દેશોમાં સ્થિત યુએસ બેઝ પર બેલિસ્ટિક મિસાઈલોથી હુમલો કર્યો હતો પરંતુ યુએસ સેનાએ કહ્યું હતું કે છ મિસાઈલો અટકાવવામાં આવી હતી અને સાતમી તેના લક્ષ્ય સુધી પહોંચી શકી ન હતી.

યુએસ અને ઈરાન ત્રણ મહિના જૂના યુદ્ધને રોકવા માટે એક વચગાળાનો કરાર મેળવવા માટે મોટાભાગે પરોક્ષ વાટાઘાટોમાં રોકાયેલા છે જે ઈરાનના પરમાણુ કાર્યક્રમ સહિતના મુદ્દાઓને વધુ વાટાઘાટો માટે છોડી દેશે.

પરંતુ સમયાંતરે થતી અથડામણો વચ્ચે એક કરાર અસ્પષ્ટ રહ્યો છે.

તેહરાન અબજો ડોલરની તેલ આવક, ક્રૂડ નિકાસ પરના પ્રતિબંધો પર છૂટ, તેના બંદરો પર યુએસ નાકાબંધી હટાવવા અને સ્ટ્રેટ પર લીવરેજ ઈચ્છે છે. ઈરાને અસરકારક રીતે જળમાર્ગને અવરોધિત કર્યો છે, જ્યાં યુદ્ધ પહેલા વિશ્વના લગભગ પાંચમા ભાગનું તેલ પરિવહન થતું હતું.

ઈરાનના રાજ્ય મીડિયાએ અહેવાલ આપ્યો છે કે પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસીન નકવી, જે સંઘર્ષનો અંત લાવવા માટે મધ્યસ્થી કરી રહ્યા છે, તેઓ શનિવારે તેહરાન જઈ રહ્યા હતા. ઈસ્લામાબાદ તરફથી આ અહેવાલની તાત્કાલિક પુષ્ટિ થઈ નથી.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ






**NOG SS NO 223.**
વિષયઃ શ્રેષ્ઠ/સર્વોત્તમ
શીર્ષકઃ 'આપણું હોવું'
પ્રકારઃ પદ્ય
શબ્દ સંખ્યાઃ ૧૨૦

?આપણું હોવું એટલે રેલ્વેનાં બે પાટા,
સાવ પાસપાસે છતાં ક્યારેય એક ના થતાં.
?આપણું હોવું નદીનાં બે કિનારા, સામ સામે છતાં પણ એક ના થતાં.
આપણું હોવું એટલે ધરતી અને ગગન, નજીક છતાં દૂર ના દૂર રહેતાં.
?આપણું હોવું એટલે વર્તુળનાં કેન્દ્ર અને પરિઘ સમ રહેવું,
સાવ સાથો સાથ છતાં પણ કદી એક ના થતાં.
?આપણું હોવું એટલે સરિતા અને સાગર, અલગ વહેવું,
સાગર ના સરિતા પાસે આવી શકે સરિતા મળે તો સરિતા ના રહે.
?આપણું હોવું એટલે ચંદ્ર, સૂરજની જેમ સામ સામે રહેવું,
એક જ ધરતી પર આસમાને હોવા છતાં દૂર દૂર રહેવું.
?આપણું હોવું એટલે સહરાનાં રણની તરસ અને વાદળી જેવું,
કાફલાની સાથે રહેવામાં રણ, રણદ્વિપોને સદા છોડતાં રહેવું.
?આપણું હોવું એટલે શરીર, મન, વૃત્તિ વિચારોમાં જ રહેવું,
મળે ચિત્ત ચૈતન્ય ચમકાર તો જીવે જ પછી શિવરૂપ રહેવું.
નામરૂપ - દ્વૈત ભાવ છોડી, સદા સનાતન અદ્વૈતમાં જ રહેવું.

-?દેવેન્દ્ર આચાર્ય .
અમદાવાદ.ગુજરાત.

★★★★★★

**NOG. SS No: 371**
વિષય : શ્રેષ્ઠ /સર્વશ્રેષ્ઠ
શીર્ષક : સર્વશ્રેષ્ઠ મા-બાપ
પ્રકાર : અછાંદસ
શબ્દ : ૯૬

વાત નીકળી આજે કોણ શ્રેષ્ઠ અને કોણ સર્વશ્રેષ્ઠ,
આવ્યો વિચાર કે ખરેખર આ બાબત છે મહત્વની.

વૃક્ષો શ્રેષ્ઠ લઈ ર્ક્ર આપે ર પ્રાણવાયું જીવનો,
એને પાવા માટે પાણી આપે વાદળ વરસાદ રૂપે.

વાદળને આપે પાણી નદી તળાવ ઝરણા દરિયા,
લઈ પાણી આપે વર્ષા રૂપે ખેતરમાં પાક લહેરાવે.

થયું તો આ પૃથ્વીનો બનાવનાર શ્રેષ્ઠ કહેવાય,
અરે એ તો જુદા કરી હસતાને રડાવે હરપળ જો.

દાનવીર કહાવે શ્રેષ્ઠ સર્વસ્વ અર્પણ કરે પળમાં,
દાનવીરને બનાવનાર જન્મદાતાને શે ભૂલાય.

કહે ચાંદની મારા માટે સર્વશ્રેષ્ઠ મા-બાપ મારા છે,
આપી જન્મ સંસ્કાર આપ્યા પરોપકારી બનાવી છે.

ડો ભાવના એન જોષી ''ચાંદની'' વડોદરા

# હાટકેશ્વર પુલને પચાસ હજાર વરસ ચલાવવો છે?? રાજુ રદીના સૂચનનો અમલ કરો!!!

અત્યારે કન્યા રાશિને શનિ મહારાજની સાડાસાતી ચાલે છે કે તેની ખબર નથી. કદાચ રાહુકેતુની વક્ર દ્રષ્ટિ હોય. કદાચ નીચ મંગળ સ્વ રાશિને જોતો હોય. કદાચ પાંચમા સ્થાનમાં સૂર્ય હોય અને પાસા પોબારા પડવાને બદલે અવળા પડતા હોય. જાતકને ગુરૂની મહાદશા ચાલતી હોય. એ તો ટીડા જોષી જાણે!!

પુલ શબ્દની કન્યા રાશિ આવે છે. પુલનો જન્મ રોગ, ઉદ્વેગ કે કાળ ચોઘડિયાંમાં થયો હશે!! હાથમાં જશ રેખાના સ્થાને અપજશ અને પુલ બદનામ હુઆ કોન્ટ્રેકટર તેરે લીએ જેવી સિચ્યુએશન હોય! પુલ પણ જકકી અને અકડું હોય. હમ તો ડુબેંગે સનમ તુમકો ભી ડુબોયેંગે સનમ. રાજેશ્રી બેનરની ફિલ્મ હમ સાથ સાથ હૈ, જેવો બદનામી-સુનામીનો પુલ અને કોન્ટ્રેકટરનો ભવોભવનો ભવ્યાતિભવ્ય ઋણાનુબંધ હોય!!

પુલની કુંડળીમાં સુખ શાંતિ લખાણ હશે કે કેમ એ યક્ષ પ્રશ્ન છે

લોકો પુલ પાછળ પડેલા હોય છે. કમળાના રોગના રોગીને બધુ પીળું દેખાય તેમ પુલપ્રેમીઓને બધે પુલ દેખાય.સુથારનું ચિત બાવળિયે તેમ લોકોનું મન પુલે !! પહેલાં પુલ બાંધવા અરજીઓનો ધોધ વરસાવે, પછી ભલે ગામમાં નદી હોય તે ન હોય! નદી સૂકી ભઠ કેમન હોય!! બંને કિનારા એક દુજે કે લીએ હોય!! પુલ બનાવવાની પ્રોસેસ શરૂ થાય. કોઈ મંત્રીની મહેરબાની, સાંસદની ભલામણ, તાલુકા ડેલીગેટના ત્રાગા, સરપંચની આમરણ અનશનની ધમકી વગેરે અનગિનત પરિબળોના પ્રતાપે પુલ બનાવવાને સૈધ્ધાંતિક મંજૂરી મળે, વહીવટી મંજૂરી મળે, તાંત્રિક મંજૂરી મળે, ડ્રાફ્ટ ટેન્ડર મંજૂર થાય! પુલના ટેન્ડર બહાર પડે. કોઈ મળતિયાનું ટેન્ડર મંજૂર થાય. મંત્રી કે મુખ્યમંત્રી કે પ્રધાનમંત્રીના વરદ હસ્તે ( ઘણાના હાથ બુંધિયાળ હોય! અને વરસોના વરસો પૂરા ન થાય!!)

તમને મારી વાતમાં વિશ્વાસ નથી? ચાલો દાખલા દલીલ મૌજુદ છે.મહારાષ્ટ્રમાં એક ડેમ બનાવવા માટે ખાતમુહૂર્ત થયેલું. ડેમની લાગત એટલે ડેમ બનાવવાનો ખર્ચ માત્ર રૂપિયા આઠ કરોડ હતો.મહારાષ્ટ્રના અહેમદનગરના નિલવાડા ગામના આજુબાજુના એકસો પચ્ચીસ ગામની અડસઠ હજાર હેકટર જમીનને સિંચાઈનો લાભ આપવા માટે ડેમ બનાવવાનું સને ૧૯૭૦ માં નક્કી થયેલ.ગામવાળાએ લાપશીના આંધણ મુકેલા.૧૯૭૯માં સ્થળ બદલાયું, ડેમની સિંચાઈ સંગ્રહક્ષમતા ૧૦ એમસીએફટી હતી. તે ઘટાડીને ૮.૫ એમએસીએફટી કરાયેલી. ૧૯૭૦ થી ૨૦૨૩ દરમિયાન એક, બે નહીં પણ બાવીસ બાવીસ મુખ્યમંત્રી ભૂતપૂર્વ બની ગયા. એક પણ મુખ્યમંત્રીએ તેના ચૂંટણી ઢંઢેરામાં નિલવાડા ડેમનું કામ પૂરું કરવાનું વચન આપેલું કેમ તે સેફોલોજીસ્ટ જાણે!! આપણે ત્યાં બાપા આંબો વાવે અને દીકરાના દીકરા કેરી ખાય તેવું કહેવાય છે. એક પેઢીએ ડેમના પાણીથી ખેતરમાં ત્રણ પાક લેવાનું તેમની ખુલ્લી આંખોમાં સ્વપ્ર વાવ્યું હશે . બે પેઢી બાદ સ્વપ્નનો પાક લણવા મળ્યો!!! જેની લાગત માત્ર આઠ કરોડ રૂપિયા હતી તે વધીને કેવળ રૂપિયા ૫૧,૭૭,૦૦,૦૦,૦૦૦ ( પાંચ હજાર એકસો સિતોતેર કરોડ પૂરા ) થઈ. આમ, સતાવન વરસમાં ૫૧,૬૯,૦૦,૦૦,૦૦૦ એટલે કે પાંચ હજાર એકસો ઓગણ સિતેર કરોડ રૂપિયાનો ખર્ચમાં વધારો થયો!! જે ટકાવારીમાં ૬૫૫% ગણો વધી ગયો. આમ, વિલંબથી થયેલ વિકાસ વધુ મોંઘોદાટ પુરવાર થયો!!

ગુજરાતની જીવાદોરી એટલે કે લાઈફ લાઇન ( પ્રુફ રીડર ભાઈ લાઈફની જોડણી વાઈફ કે લાઇનની જોડણી વાઇન ન થાય તેની તકેદારી રાખજો નહીંતર ડ્રાય ગુજરાતમાં ગમે ત્યાં હોમ ડિલિવરી થાય છે , તેમ છતાં, લોકો મારી પર દારૂની કોથળી કે બોટલો ધોશે!!) સરદાર સરોવર જેમનું ખાતમૂહુર્ત પંડિત નહેરુંએ ૧૯૬૧માં કરેલ અને ડેમના દરવાજા સાહેબે લગાડ્યા !! કેટલા વડાપ્રધાન અને મુખ્યમંત્રી નર્મદા નર્મદાની માળા જપતા ભૂતપૂર્વ અને સ્વર્ગવાસી પણ થયા. આ બંને યોજનાનું નામ ગિનેસ બુક ઓફ રેકોર્ડઝ દ્વારા વિક્રમ તરીકે દર્જ કરાયું હશે!!

કોડીનારના ડોળાસા ગામે એક પશુ દવાખાનું બાંધવાનો નિર્ણય સામાજિક પશુ એવા પ્રધાને( મોટાભાગના પ્રધાનો અસામાજિક પણ હોય છે, બોલો !!) વીસ વરસે ત્યાં પશુ દવાખાનું બનાવી શકાયું નથી.શક્ય છે કે પશુ દવાખાનાની મંજૂરી આપ્યા પછી દવાખાના માટે જમીન શોધવા ગયા હોય. પેલું કહે છે ને કે આગ લાગે ત્યારે કૂવો ખોદવો તેના જેવું કર્યું હોય!! મોટા ઉપાડે વાહ વાહી લૂંટવા જાહેરાત કરી હોય પણ ફંડના અભાવે કામ શરૂ ન થયું હોય. સરકારી કામોમાં મંજૂરી, ફંડ બધું તૈયાર હોય પણ કામના ખાતમુહૂર્ત માટે મંત્રી સમય કાઢી શકતા ન હોય. ચૂંટણીમાં તો મતો મેળવવાની મજબુરીમાં મતવિસ્તારમાં પાંચ વરસે જખ મારીને જવું પડે!! પછી મતવિસ્તારમાં જવાની શું જરૂર હોય?? આ બધું પૂરું થયા પછી કામનું એક થી વધુ વાર ટેન્ડર બહાર પાડ્યું હોય, જેનું ટેન્ડર ફાઈનલ થયું હોય તે ઠેકેદાર એડવાન્સ રકમ લઇ ગયા પછી કામ છોડી ગયો હોય.એટલે ફરીવાર ટેન્ડર બહાર પાડવું પડ્યું હોય !! ઘાંચીની ઘાણીના બળદ જેમ ગોળ ગોળ ફરવાનું હોય !! પશુ દવાખાનાનું કામ પૂરું ન થાય તો તેની ફરિયાદ બે પગા કેમ કરે છે? જેના માટે દવાખાનું બનવાનું હોય તે ચોપગા કેમ ફરિયાદ કરતા નથી!! તેમને ફરિયાદ કરવા દોને ભાઈ!!!તમે શેના ખાલીપીલી પતર ખાંડો છો???

બિહારમાં સુશાસનબાબુ સ્વપ્રસેવી છે! તેમણે બિહારમાં દારૂબંધીનું સ્વપ્ર જોયેલ . બસ, ત્યારથી લઠાકાંડ વધતો જાય છે. તેમણે બિહારના ભાગલપુરમાં ગંગા નદી પર રૂપિયા ૧૭,૦૦,૦૦,૦૦,૦૦૦ એટલે કે રૂપિયા સતરસો કરોડના ખર્ચે પુલ બાંધવાનું સ્વપ્ર સેવેલું.; મહાનુભાવોને નાની સાઈઝના સ્વપ્ર કેમ આવતા નહીં હોય?? મહાનુભાવોને ભૈયાજીના ખુમચા પર પાણીપુરી ખાવા કે બરફગોળા ખાવાના સસ્તા સ્વપ્નો કેમ નહીં આવતા હોય??? સાહેબે બુલેટ ટ્રેનનું ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ એટલે કે લાખ કરોડના ખર્ચે અમદાવાદ-મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન દોડાવવાનુ હોરર સ્વપ્ર મળસ્કે આવ્યું છે. હવે, સવા બે લાખ કરોડ રૂપિયા થશે!! એટલા રૂપિયામાં ટ્રેનના સિગ્નલ, ટ્રેક વગેરે દુરસ્ત થઈ જાય!!!)આ પુલનું કામ ૨૦૧૪માં શરૂ કરેલ. ચાર વરસથી પુલ બનાવવાનું કામ ચાલતું હતું. બે વરસ પહેલા પુલનો એક ભાગ તૂટી ગયેલ. તાજેતરમાં માત્ર ત્રીસ સેકન્ડમાં પતાના મહેલની જેમ ઉભું ઉભું થતો પુલ ગંગા નદીમાં કાયમ માટે બેસી ગયો. ગઈ ભેંસ પાણીમાં એમ કહેવાય છે. હવે ગયો પુલમાં એમ કહેવાશે!! આ પુલ બનાવવા જે કંપનીને ઓર્ડર આપેલો તેનો વાળ પણ વાંકો થશે નહીં!! આપણા અમદાનાદમાં હાટકેશ્વર નામનો પુલ બની રહ્યો હતો. ડિઝાઈન મંજૂર થઈ. ડિઝાઈન મંજૂર થયા મુજબ રેતી સિમેન્ટ લોખંડ વાપરે તો ઠેકેદાર ભદ્રકાળીના મંદિરે ચપણિયું લઈને ભીખ માંગતો થઈ જાય. ઠેકેદારને એક પુલની કિંમતમાં કોઈના મકાનની દિવાલ, સ્વિમિંગ પુલ, ફલેટ વગેરે બાંધવાના હોય. પાર્ટી ફંડ દેવાના હોય. આપણા ઠેકેદારભાઈઓ ઉચ્ચનીમતાને વરેલા સજ્જન છે. બિચારા નખશીખ સજ્જન છે!! બિચારા વતુઓછું લોખંડ વાપરે છે. લોખંડ ન વાપરે તો સરકાર શું ઉખાડી લેવાની?? માન્યું કે લોટ પાણી અને લાકડાંથી પુલ બનાવી દીધો. પુલ બનાવ્યો એટલે મજબુત હોવો જોઈએ એવું કોણે કહ્યું?? પુલ પર ભારે વાહનોની અવરજવર થાય તો પુલ નબળો પણ પડે કે નહીં?? પુલનું આયુષ્ય પચાસ વરસનું હોય તો કર્મચારીની જેમ વોલેન્ટરી રિટાયરમેન્ટ ન લઈ શકે એવું થોડું હોય ?? પુલ ચાંપ વરસ ટક્યો એટલે પૈસા વસૂલ. કરોડોના ખર્ચે પુલ બાંધ્યો , પુલની મજબૂતાઈની ચકાસણી માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરો, નિષ્ણાતોની ભલામણ મુજબ કરોડો કરોડો રૂપિયા ખર્ચી પાછો પુલ બાંધશો. કે નબળો નહીં હોય તેની કોઈ ગેરેન્ટી કે વારંટી છે?? હાટકેશ્વરના નામ પર ભરોસો બરોસો છે કે નહીં? હાટકેશ્વર

આભાર - નિહારીકા રવિયા પુલનો વાળ વાંકો થવા દેશે નહીં!! ચાલો પુલને વાળ નથી તો પિલની ખિલ્લી કે પિલર ઝૂકવા દેશે નહી!! ( સાહેબ પણ દેશને ઝૂકવા દીધો નથી.ચીનવાળા થોડું તાપણું કરી લે છે.એનો સ્વભાવ છે. આપણે ક્ષમા કરવી એ આપણી સંસ્કૃતિ છે!! દેશને વેચવા માટે ખાતરીબંધ કહેવાય એવું નથી!!

હાટકેશ્વર પુલને તોડવાની વિકાસ વિરોધી પ્રવૃતિ કરવાને બદલે પુલ માણસ,વાહન વગેરે માટે પ્રતિબંધિક કરી દો. પુલ પર માખી, મચ્છર, કીડા મંકોડા, કરોળિયા, વંદા, ગરોળી, પંખી પશુ માટે ખુલ્લો મુકી દો. પુલ પચાસ વરસ નહી પણ પચાસ હજાર વરસની આવરદા પૂરી કરશે એની અમારા રાજુ રદીની ગેરંટી-વોરંટી છે!!

હવે દડો સરકારની કોર્ટમાં છે!! ભરત વૈષ્ણવ



**World Cycling Day Celebration – 07 June 2026"On the occasion of World Cycling Day, approximately 100 cadets of 5 Gujarat Battalion NCC, Surat participated in a Cycling Awareness Rally at the iconic Statue of Unity on 07 June 2026. The event witnessed enthusiastic participation from Gujarat Police personnel and local civilians, promoting the spirit of fitness, environmental consciousness, and healthy living."The rally was followed by interactions with members of the local community, where cadets highlighted the numerous health benefits of cycling, including improved physical fitness, reduced pollution, and a sustainable lifestyle. Through awareness activities, participants emphasized the importance of regular exercise, love for nature, and adopting eco-friendly modes of transport. The event successfully conveyed the message of "Fit Citizens, Healthy Nation" while fostering community engagement and environmental responsibility.**

# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ પંચમહાલ જિલ્લા અંતર્ગત ગોધરા શહેર એકમ અને પંચમહાલ જિલ્લા બ્રહ્મસમાજની એક મહત્વપૂર્ણ સંયુક્ત કારોબારી મિટિંગ ગોધરા ખાતે યોજાઈ



શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ પંચમહાલ જિલ્લા અંતર્ગત ગોધરા શહેર એકમ અને પંચમહાલ જિલ્લા બ્રહ્મસમાજની એક મહત્વપૂર્ણ સંયુક્ત કારોબારી મિટિંગ ગઈકાલે તારીખ ૦૬ જૂન ૨૦૨૬, શનિવારના રોજ સાંજે ૬:૦૦ કલાકે માંગલ્ય પાર્ટી પ્લોટ, ગોધરા ખાતે અત્યંત ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજાઈ ગઈ હતી. આ બેઠકમાં બ્રહ્મસમાજના માનનીય પ્રદેશ પ્રમુખ શ્રી શૈલેષભાઈ ઠાકર વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ઉપસ્થિત તમામ કારોબારી સભ્યોને સંગઠનને વધુ મજબૂત અને વ્યાપક બનાવવા માટે અમૂલ્ય તથા પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

?કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટ્ય અને ઉપસ્થિત મહાનુભાવોના પરિચય અને સ્વાગત વિધિથી કરવામાં આવી હતી. બેઠકમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત પ્રદેશ પ્રમુખ શ્રી શૈલેષભાઈ ઠાકરે સોશિયલ મીડિયાના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં સમાજના છેવાડાના માણસ સુધી પહોંચવા માટે ફેસબુક, સ્ટેટસ અને સ્ટોરી જેવા માધ્યમોનો મહત્તમ ઉપયોગ કરવો અનિવાર્ય છે. તેમણે બ્રહ્મસમાજની મોટી ઉપલબ્ધિઓ વિશે જણાવતા ગર્વભેર જાહેર કર્યું હતું કે, સમાજ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ ટ્રેનિંગ અને બ્રહ્મ એકેડેમીના માધ્યમ દ્વારા અત્યારે બ્રહ્મસમાજના ઘણા દીકરા-દીકરીઓ સરકારી નોકરી મેળવવામાં સફળ રહ્યા છે.

?શ્રી શૈલેષભાઈ ઠાકરે આગામી ભવ્ય આયોજનની વિગતો આપતા જણાવ્યું કે, અન્ય સમાજોની જેમ બ્રહ્મસમાજના વિદ્યાર્થીઓ અને જ્ઞાતિજનો માટે પણ એક અધ્યતન બ્રહ્મ ભવન (હેડક્વાર્ટર) ઉભું થાય તેવા પ્રયત્નો રાજ્ય સરકાર પાસે ચાલુ છે તેમ જણાવ્યું હતું.

?આ પૂર્વે બેઠકને સંબોધન કરતા અશોકભાઈ પંડ્યાએ ખૂબ જ ટૂંકા સમયમાં કાલોલ, હાલોલ, મોરવા હડફ જેવા વિવિધ તાલુકાઓ સુધી સંગઠનની રચના અને નિમણૂકો પૂર્ણ કરવા બદલ પંચમહાલ ટીમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે હોદ્દેદારોને પદને કેવળ હોદ્દો ન સમજતા એક મોટી 'જવાબદારી' અને ફરજ સમજીને કામ કરવા આહવાન કર્યું હતું અને જણાવ્યું કે, નાનામાં નાના કાર્યકર્તાનું માન-સન્માન જળવાવું જોઈએ તે જ સંગઠનનો પ્રથમ સિદ્ધાંત છે. બ્રહ્મસમાજ દ્વારા આગામી સમયમાં વિદ્યાર્થીઓ માટે પરીક્ષા લક્ષી માર્ગદર્શન વર્ગો શરૂ કરવા, શૈક્ષણિક એડમિશન પ્રક્રિયામાં મદદરૂપ થવું અને મોંઘી થતી જતી નોટબુકોનું સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના નામથી છાપકામ કરાવીને રાહત દરે વિતરણ કરવા જેવા રચનાત્મક કાર્યો હાથ ધરવા જોઈએ.આ મિટિંગ દરમિયાન મુખ્ય એજન્ડા મુજબ વિવિધ મહત્વના સંગઠનલક્ષી વિષયો પર સઘન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. જેમાં જિલ્લા, તાલુકા અને શહેર એકમ દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલી વિવિધ સામાજિક અને સંગઠનાત્મક કામગીરીનો સંક્ષિપ્ત ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો. આ સાથે જ, બાકી રહેલા સંગઠનના કાર્યોને સમયસર અને સુનિયોજિત રીતે પૂર્ણ કરવા માટે આગામી આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સંગઠનને વેગ આપવા માટે સમાજના બંધારણ મુજબ જિલ્લા, તાલુકા અને શહેર એકમના તમામ હોદ્દેદારોને પ્રદેશ સંગઠનના આજીવન સભ્ય બનાવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ખાસ કરીને પ્રદેશ બ્રહ્મસમાજ દ્વારા ચાલતી વિવિધ લોકકલ્યાણકારી અને સામાજિક યોજનાઓની સમજ સમાજના છેવાડાના માનવી સુધી પહોંચાડવા અને તેનો લાભ છેક નીચે સુધી યોગ્ય રીતે મળે તે માટે એક વિસ્તૃત આયોજનનો નકશો તૈયાર કરવામાં આવ્યો હતો.આ ભવ્ય બેઠકને સફળ બનાવવામાં પંચમહાલ જિલ્લા ટીમના પ્રમુખ શ્રી ભદ્રેશભાઈ પંડ્યા, ગોધરા એકમના પ્રમુખ શ્રી હિતેશભાઈ પંડ્યા તેમજ મહામંત્રી શ્રી ગુણવંતભાઈ જોષી, મહિલા પાંખના પ્રમુખ શ્રીમતી નિધિબેન જોષી અને યુવા પાંખના પ્રમુખ શ્રી ડો. વિશાલ જોષીની આગેવાની હેઠળ સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. આ મિટિંગમાં જિલ્લાની ટીમમાંથી મહામંત્રી શ્રી હર્ષ વ્યાસ, શ્રી કાંતિલાલ પંડ્યા, ઉપપ્રમુખ શ્રી એન. ડી. ઉપાધ્યાય, શ્રી શંભુપ્રસાદ શુક્લ, મહિલા પાંખના પ્રમુખ શ્રીમતી માયાબેન જોષી તથા યુવા પાંખના પ્રમુખ શ્રી જૈમિન પંડ્યા સહિત સમગ્ર પંચમહાલ જિલ્લા અને ગોધરા શહેરના તમામ કારોબારી સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મિટિંગની પૂર્ણાહુતિ બાદ ઉપસ્થિત તમામ જ્ઞાતિજનોએ સાથે મળીને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ભોજન પ્રસાદ લીધો હતો, જેણે સમાજની એકતા અને ભાઈચારાને વધુ સુદ્રઢ કર્યો હતો.

### વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ડેરા ગ્રામ પંચાયતમાં ગ્રામસભા યોજાઈ

# સ્વચ્છતા, વૃક્ષારોપણ અને પ્લાસ્ટિકના ઓછા ઉપયોગ અંગે ગ્રામજનોને માહિતી અપાઈ



લાખણી તાલુકાના ડેરા ગામે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે ગ્રામ પંચાયત ખાતે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સરપંચ અલકાબેન પ્રકાશભાઈ ઠાકોરના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ ગ્રામસભામાં પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા જાળવણી, વધુમાં વધુ વૃક્ષો વાવી તેના જતન તેમજ પ્લાસ્ટિકના વપરાશમાં ઘટાડો કરવા અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

ગ્રામસભામાં સરપંચ પતિ પ્રકાશભાઈ ઠાકોર, તલાટી ભરતભાઈ રાઠોડ, વિસ્તરણ અધિકારી સુરેશભાઈ ચૌધરી, ડેપ્યુટી સરપંચ ચેલાજી પટેલ, ગ્રામ પંચાયતના સભ્યો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સભા દરમિયાન ગામના વિકાસલક્ષી કાર્યો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સાથે જ ગ્રામજનોને સ્વચ્છ અને હરિયાળું ગામ બનાવવા માટે સક્રિય સહભાગી બનવા અપીલ કરવામાં આવી હતી. ઉપસ્થિત લોકોને વૃક્ષારોપણ કરીને તેનું નિયમિત જતન કરવા, જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા તેમજ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. ગ્રામજનોના સહકાર અને ઉત્સાહપૂર્ણ ભાગીદારી વચ્ચે યોજાયેલી આ ગ્રામસભા સૌહાર્દપૂર્ણ અને રચનાત્મક વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

# "માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનું દૂરદર્શી વિઝન, માનનીય પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલજીનું સુશાસન અને જનતાનો અડગ વિશ્વાસ — આ જ કેન્દ્રશાસિત પ્રદેશનાં અભૂતપૂર્વ વિકાસનો મજબૂત આધાર છે"









વિકસિત ભારતનાં સંકલ્પને સમર્પિત, વિકસિત દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ તરફનું એક ઐતિહાસિક પગલું

માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા લોકાર્પિત તેમજ જાહેર કરાયેલી નવી વિકાસ યોજનાઓ બદલ હૃદયપૂર્વક આભાર અને કોટિ-કોટિ વંદન. — આર. વી. મહેતા

વિકાસનાં સુવર્ણ યુગનાં શિલ્પકાર, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવની સમસ્ત જનતા તરફથી કોટિ-કોટિ વંદન અને હાર્દિક આભાર માનનીય પ્રધાનમંત્રીશ્રીનાં દૂરદર્શી નેતૃત્વ, "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ" નાં મંત્ર તથા માનનીય પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલનાં કુશળ, પારદર્શક અને જનકલ્યાણકારી વહીવટનાં પરિણામે આજે આપણો કેન્દ્રશાસિત પ્રદેશ વિકાસની નવી અને અભૂતપૂર્વ ઊંચાઈઓને સ્પર્શી રહ્યો છે.લગભગ ?૨,૯૭૦ કરોડનાં વિકાસ કાર્યોનાં લોકાર્પણ અને શિલાન્યાસ માત્ર નિર્માણ કાર્યોની શરૂઆત નથી, પરંતુ પ્રદેશની જનતાનાં ઉજ્જવળ ભવિષ્ય, સમૃદ્ધ અર્થવ્યવસ્થા, આધુનિક આરોગ્ય સેવાઓ, વિશ્વસ્તરીય માળખાગત સુવિધાઓ અને વધુ ઉત્તમ જીવન ગુણવત્તાનાં મજબૂત પાયાનું નિર્માણ છે.

માનનીય પ્રધાનમંત્રીશ્રીએ દમણ-દીવ તથા દાદરા અને નગર હવેલીનાં અસરકારક વહીવટ, સુશાસન અને ઝડપી વિકાસ મોડેલની જાહેર પ્રશંસા કરી તે સમગ્ર પ્રદેશ માટે ગૌરવ અને સન્માનની બાબત છે. આ પ્રશંસા માનનીય પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના અવિરત પરિશ્રમ, દૂરંદેશી દષ્ટિકોણ અને વિકાસ પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતાની રાષ્ટ્રીય સ્તરે થયેલી સ્વીકૃતિ સમાન છે.

આજે પ્રદેશનો દરેક નાગરિક અનુભવી રહ્યો છે કે વિકાસ હવે માત્ર એક સંકલ્પ નથી, પરંતુ વાસ્તવિકતા બની જનજીવનમાં પરિવર્તન લાવી રહ્યો છે. આધુનિક માર્ગો, આરોગ્ય સુવિધાઓ, પર્યટન આધારભૂત માળખું, શિક્ષણ અને જનકલ્યાણની અનેક યોજનાઓ પ્રદેશને નવી ઓળખ અને નવી દિશા પ્રદાન કરી રહી છે.

પ્રદેશની સમસ્ત જનતા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી, ભારત સરકાર તથા માનનીય પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ પ્રત્યે પોતાની હાર્દિક કૃતજ્ઞતા વ્યક્ત કરે છે અને વિશ્વાસ વ્યક્ત કરે છે કે તેમના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ આપણો કેન્દ્રશાસિત પ્રદેશ વિકાસ, સુશાસન અને જનકલ્યાણનાં ક્ષેત્રે રાષ્ટ્રીય આદર્શ તરીકે સતત આગળ વધતો રહેશે.

# ગાંધીનગર ખાતે વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં બે દિવસીય "પર્યાવરણ કાર્યશિબિર-૨૦૨૬"નો શુભારંભ

ગાંધીનગર,

પર્યાવરણની સુરક્ષા એ સરકાર અને નાગરિકોની સામૂહિક જવાબદારી છે, તેમ રાજ્યના વન-પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું છે. ગાંધીનગર ખાતે આયોજિત બે દિવસીય "પર્યાવરણ કાર્યશિબિર-૨૦૨૬"ના ઉદ્ઘાટન પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, પર્યાવરણની ચિંતા એ વૈશ્વિક છે, પરંતુ જ્યાં સુધી જનસામાન્યમાં જાગૃતિ નહીં આવે અને વ્યક્તિગત સ્તરે પગલાં નહીં લેવાય ત્યાં સુધી ઈચ્છનીય પરિણામો પ્રાપ્ત નહીં થઈ શકે. તેમણે ઉમેર્યું કે, માત્ર સરકારી નીતિ અને ટેકનોલોજીથી પરિણામ પ્રાપ્ત નહીં થાય.

રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ-જીપીસીબીના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યશિબિરમાં બે દિવસ દરમિયાન રાજ્યમાં પર્યાવરણીય પડકારો, નિયમનાત્મક સુધારા, સંસ્થાકીય ક્ષમતાવર્ધન તથા ભવિષ્યલક્ષી આયોજન અંગે વિસ્તૃત ચર્ચા અને મંથન કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં વધતાં ઔદ્યોગિકરણ વચ્ચે પર્યાવરણના જતન પર વિશેષ ભાર મૂકતો લેખિત સંદેશો આપીને આ કાર્યશિબિર માટે અભિનંદન પાઠવ્યા હતા.

વન્યજીવ સંરક્ષણના ક્ષેત્રે ભારતે મેળવેલી વૈશ્વિક સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં શ્રી મોઢવાડિયાએ જણાવ્યું કે, સમગ્ર વિશ્વમાં આફ્રિકન લાયન, વાઘ અને ચિત્તા સહિતની 'બિગ કેટ'ની વસ્તી ઘટી રહી છે, ત્યારે આપણા દેશમાં 'બિગ કેટ'ની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. આ સફળતા પાછળ સરકારના પ્રયાસોની સાથે સાથે 'જીવો અને જીવવા દો'ની આપણી સંસ્કૃતિએ મહત્વની ભૂમિકા ભજવી છે. જો આ જ નીતિ આપણે પ્રદૂષણ નિયંત્રણ અને પર્યાવરણ સુરક્ષામાં પણ અપનાવીએ, તો આગામી પેઢીની ચિંતાઓ ઘણી ઓછી થઈ જશે. પર્યાવરણનું સંતુલન જાળવવા માટે માત્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ જ નહીં, પણ સરકારના તમામ વિભાગોએ સંકલન સાધીને એક્શન મોડમાં આવવું પડશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મંત્રી શ્રી મોઢવાડિયાએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી કાળથી લઈને આજ સુધી પર્યાવરણ, સ્વચ્છતા અને વન્યજીવોની વિશેષ કાળજી લીધી છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં બે મોટી વૈશ્વિક પહેલ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૫માં ભારતની પહેલથી 'ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ' બન્યું, જેમાં આજે ૧૦૦થી વધુ દેશો સામેલ છે અને તેનું મુખ્ય મથક દિલ્હીમાં કાર્યરત છે. જેના પરિણામે સોલાર ક્ષેત્રે દેશમાં ખૂબ મોટી ક્રાંતિ આવી છે. તેવી જ રીતે, સેવન બિગ કેટ્સ માટે






'ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ' બનાવવામાં આવ્યું છે, જેનું મુખ્ય મથક પણ દિલ્હીમાં રાખવામાં આવ્યું છે. જેની પ્રથમ બેઠક તાજેતરમાં જ ગુજરાતના સાસણ ખાતે સંપન્ન થઈ છે, જેની નોંધ સમગ્ર વિશ્વમાં લેવામાં આવી છે.

આ કાર્યશિબિરમાં મંત્રીશ્રીએ ટ્રાફિક અને પ્રદૂષણ ઘટાડવા માટે વિકસિત દેશોમાં પ્રચલિત 'કાર પૂલિંગ' પદ્ધતિનો ઉલ્લેખ કરવા સાથે દેશના સૌથી સ્વચ્છ શહેર ઈન્દોરનું પણ ઉદાહરણ આપ્યું હતું. ઈન્દોર સ્વચ્છતામાં દેશમાં સતત પ્રથમ ક્રમે આવે છે, તેનું મુખ્ય કારણ કચરાનું યોગ્ય વર્ગીકરણ છે. ત્યાં ઘરોમાંથી જ સૂકો, ભીનો અને અન્ય કચરો અલગ થાય તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જો દરેક વિભાગ અને નાગરિક જવાબદાર બને તો ગુજરાતમાં પણ આનું ખૂબ સારું પરિણામ આવી શકે છે.

ગુજરાતને પર્યાવરણ ક્ષેત્રે મોડેલ રાજ્ય બનાવવા માટે મંત્રીશ્રી દ્વારા પોલિસી વિષયક સૂચનો કરવામાં આવ્યા હતા. જેમાં બાળકોમાં પર્યાવરણ શિક્ષણ, એનજીઓને પ્રોત્સાહન આપવા અને બાળકોથી લઈને વડીલો સુધીના નાગરિકોને જાગૃત કરવા સતત કેમ્પેઈન ચલાવવાની કામગીરી સામેલ છે. વધુમાં, મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, પંચાયતો અને ઉદ્યોગોના નાણાકીય યોગદાનથી એક પર્યાવરણ સમર્પિત ફંડ બનાવવું જોઈએ, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ અવસરે જીપીસીબીના ચેરમેન શ્રી આર. બી. બારડે સ્વાગત સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાત દેશના સૌથી અગ્રણી ઔદ્યોગિક રાજ્યોમાંનું એક છે. ઔદ્યોગિક વિકાસ, રોકાણ, નિકાસ, પોર્ટ્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શહેરી વિકાસ ક્ષેત્રે ગુજરાતે દેશમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. રાજ્યમાં વિકાસની સાથે નવી જવાબદારીઓ પણ આવે છે. ત્યારે કુદરતી સંસાધનોના વધતા ઉપયોગ વચ્ચે પર્યાવરણનું સંરક્ષણ કરવું એ સમયની માંગ છે. વિકાસ અને પર્યાવરણ બંને એકબીજાના પૂરક છે તેમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે, પર્યાવરણના સંરક્ષણ કર્યા વિના લાંબાગાળાનો ટકાઉ વિકાસ શક્ય નથી. વિકાસને અવરોધ્યા વિના પર્યાવરણનું રક્ષણ કરવું, એ જ સુશાસનની સાચી કસોટી છે. આ પરિસ્થિતિમાં ગુજરાતમાં વધુ સક્ષમ, ટેકનોલોજી આધારિત, પારદર્શક અને પરિણામલક્ષી પર્યાવરણ શાસન વ્યવસ્થા વિકસાવવાની જરૂરિયાત છે.

આ ઉપરાંત તેમણે આ બે દિવસીય કાર્યશિબિર વિશે વિસ્તૃત માહિતી પણ આપી હતી. આ બે દિવસીય કાર્યશિબિર દરમિયાન પર્યાવરણને સ્પર્શતા હવા પ્રદૂષણ નિયંત્રણ, જળ પ્રદૂષણ નિયંત્રણ અને પર્યાવરણીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સર્ક્યુલર ઈકોનોમી અને કચરા વ્યવસ્થાપન, સંસ્થાકીય મજબૂતીકરણ અને અમલીકરણ વ્યવસ્થા તથા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેશ અંતર્ગત રેગ્યુલેશન અને ઈ-ગવર્નન્સ જેવા પાંચ વિષયો પર વિસ્તૃત વિચાર-મંથન કરી ટૂંકા, મધ્યમ અને લાંબા ગાળાના એક્શન પ્લાન તૈયાર કરવામાં આવશે, તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.




સંઘર્ષ, સાહસ અને અડગ મનોબળ દ્વારા નકારાત્મકતા પર વિજય મેળવવાનો પ્રેરણાદાયી સંદેશ આપતી બ્રિબુક્સ પ્રકાશિત અંગ્રેજી નવલકથા 'ધી હિડન વર્લ્ડ'ની ૧૨ વર્ષની લેખિકા તેમજ અમદાવાદ સ્થિત કે. એન. પટેલ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ-૭માં અભ્યાસરત પ્રતિભાશાળી વિદ્યાર્થિની હેત્વી સોમપુરાનું રાજકોટના કુવાડવા સ્થિત શ્રી ગુરુદત્ત મઠના પીઠાધીશ્વર યતિ શ્રી બ્રહ્મદેવજી મહારાજ તથા મેનેજિંગ ટ્રસ્ટી શ્રી સદગુરુ માતાજી બાલામ્બા દેવીજીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. તસવીરમાં સન્માનની તે ગૌરવમય ક્ષણ નિહાળી શકાય છે.



સામાન્ય જનતા પર વધુ એક મોંઘવારી ના માર : ઘરેલું ગેસ સિલિન્ડર ના ભાવમાં રૂ.૨૯ નો વધારો.દેશભર ના કરોડો પરિવારો માટે મોંઘવારી ના મુદ્દે વધુ એક ઝટકો સામે આવ્યો છે.આ વધારા થી ગૃહિણીઓ નું બજેટ ખોરવાયું છે




ઈશાની પ્રફુલ્લ દવે એક ગુજરાતી ગીતો ના રસથાળ નું ઉત્તમ નજરાણું અને ગુજરાત નું ગૌરવ કહી શકાય.કોન્સર્ટ માં ખુબજ યુવા વર્ગ નો મહેરામણ જોયો..તેમના માં ગુજરાતી આપણા લોકપ્રિય ગીતો ના એક અનોખો ક્રેઝ જોવા મળ્યો..ઈશાની દવે ની સુંદર લહેકા સાથે ના ગીતો ની પ્રસ્તુતિ આહલાદક હતી.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat